આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૦૯-૦૭-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## પ્રધાનમંત્રી-રશિયા મુલાકાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલે સાંજે રશિયા અને ઓસ્ટ્રિયાની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે પહોંચ્યા હતા. મોસ્કો વિમાન મથકે તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. રશિયાના નાયબ પ્રધાનમંત્રી ડેનિસ માન્તુરોવે તેમનું સ્વાગત કર્યુ હતું. આજે ભારત અને રશિયા વચ્ચેની 22મી શિખર મંત્રણા દરમિયાન પ્રધાનમંત્રી શ્રી મોદી અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુટિન સંરક્ષણ, વેપાર, ઊર્જા, શિક્ષણ, સંસ્કૃતિ સહિતનાં અનેક દ્વિપક્ષીય મુદ્દે ચર્ચા કરશે. તેઓ દ્વિપક્ષીય હિતોનાં પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર એક બીજાનાં અભિપ્રાયો રજૂ કરશે. બંને નેતાઓ બ્રિક્સ, શાંઘાઇ સહકાર સંગઠન, જી-20, પૂર્વ એશિયા સમિટ અને યુએન જેવા જૂથોમાં દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા પણ કરશે.

આજે, પ્રધાનમંત્રી શ્રી મોદી રશિયામાં ભારતીય સમુદાય સાથે વિચારોનું આદાનપ્રદાન કરશે.

**(RNU અમદાવાદ)**

---

## સર્વોચ્ચ અદાલત-NEET-UG પરીક્ષા કેસ

સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રીય પરિક્ષા સંસ્થા- એનટીએને નીટ યુજી પેપર ગેરરિતી કેસમાં અહેવાલ રજૂ કરવા જણાવ્યું છે. અદાલતે સીબીઆઇને આ કેસમાં તેણે અત્યાર સુધી કરેલી તપાસ અંગેનો સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવા પણ નિર્દેશ આપ્યો છે. અદાલતે એનટીએ, કેન્દ્ર સરકાર અને

સીબીઆઇને બુધવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં તેમનાં અહેવાલ રજૂ કરવા જણાવ્યું છે. આ કેસમાં વધુ સુનાવણી ગુરૂવારે થશે.

નીટ યુજી પરિક્ષામાં ગેરરિતી અને અનિયમિતતા થઈ હોવાનો આક્ષેપ કરતી અને નવેસરથી પરિક્ષા લેવાનો નિર્દેશ આપવાની માંગણી કરતી સંખ્યાબંધ અરજીઓ પર મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ જે બી પારડીવાલા અને ન્યાયમૂર્તિ મનોજ મિશ્રાની બનેલી ખંડ પીઠ સુનાવણી કરી રહી હતી.

મુખ્ય ન્યાયમૂર્તિએ જણાવ્યું કે, પરિક્ષાની પવિત્રતા સાથે સમાધાન થયું છે તેમાં કોઈ શંકા નથી. તેમણે જણાવ્યું કે, પુનઃ પરિક્ષાનો આદેશ આપતા પહેલાં કેટલાં પ્રમાણમાં પેપર લીક થયા છે તે જાણવું જરૂરી છે. અદાલતે જણાવ્યું કે, પરિક્ષા રદ કરવી એ અંતિમ ઉપાય છે.

**(RNU અમદાવાદ)**

---

## રાજ્ય-વ્યાજખોરો સામે પોલીસ કાર્યવાહી

રાજ્યભરમાં પોલીસે આગામી 31 જુલાઈ સુધી વિશેષ ઝૂંબેશ શરૂ કરી છે. પોલીસે અત્યાર સુધીમાં અનધિકૃત રીતે નાણા ધીરનાર 226 લોકો સામે 134 પોલીસ ફરિયાદ દાખલ કરી છે. પોલીસે શરૂ કરેલી કાર્યવાહીથી અનેક નાગરિકોના જીવન બચ્યા છે. જ્યારે અનેકને પોતાની ફસાયેલી જીવનભરની મૂડી પરત મળી છે.

આ ઝૂંબેશનો ઉદ્દેશ્ય જે અરજદાર પાસેથી અનધિકૃત નાણા ધીરનારી વ્યક્તિએ ખોટી રીતે નાણા લઈ લીધા હોય તો તેમને નાણા પરત અપાવવાનો અભિગમ છે.

રાજ્યભરમાં 21મી જૂનથી શરૂ થયેલી આ ઝૂંબેશમાં 568 લોકદરબારમાં 32 હજારથી વધુ નાગરિક જોડાયા છે. આ લોકદરબારમાં પોલીસ મહાનિરીક્ષક, પોલીસ અધિક્ષક તથા નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના ઉચ્ચ અધિકારીઓએ અનધિકૃત નાણા ધીરનારાઓના દબાણથી હેરાન નાગરિકોની ફરિયાદોના નિકાલ માટે તાત્કાલિક ધોરણે કાર્યવાહી હાથ ધરી છે.

અનધિકૃત એક પણ વ્યાજખોર પોલીસની કડક કાર્યવાહીથી બચે નહીં અને કોઈ નિર્દોષ વ્યક્તિ સામે ખોટો કેસ ન થઇ જાય તેની ખાસ તકેદારી સાથે સમગ્ર કાર્યવાહી કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસને સૂચના આપી છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-CRPF જવાનને અભિનંદન

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સામાજિક માધ્યમની એક પૉસ્ટમાં તાપી જિલ્લાના કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ – CRPF જવાન મુકેશકુમારને શૌર્યચક્રથી સન્માનિત થવા બદલ અભિનંદન પાઠવ્યા છે. શ્રી પટેલે સંદેશમાં લખ્યું કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ વ્યારા તાલુકાના ચાંપાવાડી ગામના કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ – CRPF જવાન મુકેશકુમાર ગામીતને શૌર્યચક્ર પુરસ્કાર એનાયત કર્યો હતો.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## રાજ્ય હવામાન-વરસાદ આગાહી

રાજ્યના હવામાન વિભાગે જણાવ્યું કે રાજ્યમાં દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, અને દમણ અને દાદરાનગર હવેલીમાં ભારે વરસાદની આગાહી છે. જ્યારે કેટલીક જગ્યાએ છુટાછવાયા ઝાપટાં પડી શકે છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## કચ્છ-વરસાદ

ચોમાસાના મુખ્ય એવા અષાઢ માસના પ્રારંભે જ કચ્છ જીલ્લામાં વરસાદી માહોલ છવાયો છે. ગઈકાલે જીલ્લાના ચાર તાલુકામાં અઢધાથી બે ઈંચ જેટલો વરસાદ થયો હોવાના અહેવાલ મળી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી ભારે ગરમી અને બફારાનો અનુભવ કરી રહેલા જીલ્લા મથક ભુજમાં ગઈકાલે બપોરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં વાતાવરણમાં પલટો આવ્યો હતો અને પવન તથા ગાજ-વીજ સાથે લગભગ એક કલાક સુધી એક ઈંચ જેટલો ધોધમાર વરસાદ પડતા શહેર વાસીઓને ગરમીમાં રાહત મળી હતી. જો કે શહેરના નીચાણ વાળા વિસ્તારોમાં ભારે જળ ભરાવાના દર્શ્યો સર્જાયા હતા.

જીલ્લામાં ભુજ ઉપરાંત નખત્રાણા,મુંદરા અને ભચાઉ તાલુકામાં પણ અડધાથી દોઢ ઈંચ જેટલો વરસાદ થયો હતો.હવામા વિભાગે જીલ્લામાં આગામી ચાર દિવસ સુધી વિવિધ સ્થળે હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી છે.

**(આશુતોષ અંતાણી/NP)**

---

## કચ્છ-ભુકંપના બે હળવા આંચકા

કચ્છ જીલ્લામાં વરસાદી વાતાવરણ વચ્ચે 12 કલાકમાં ભુંકપના 2 આંચકા નોંધાયા હતા. આ અંગે સતાવાર સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર ભારત-પાકિસ્તાન સરહ નજીક તેમજ દુધઈ નજીક 2.6 અને 3.3 મેગ્નિટ્યુડ તીવ્રતાના 2 હળવા આંચકા અનુભવાયા હતા. જો કે કોઈ નુકશાનીના સમાચાર મળ્યા નથી.

**(આશુતોષ અંતાણી/NP)**

---

## કચ્છ-ભુજ તાલુકાનો સ્વાગત કાર્યક્રમ

કચ્છમાં ભુજ તાલુકાનો સ્વાગત કાર્યક્રમ આગામી 24મી જુલાઇએ  યોજાશે, જે અન્વયે 20મી જુલાઇ સુધીમાં નાગરિકો પોતાના પ્રશ્નોના નિરાકરણ માટે લેખિત અરજી કરી શકશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------